# સરદાર પટેલ યુનિવર્સિટી

## ગણિતશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભા

### કાર્યનોંધ

ગણિતશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભા તારીખઃ ૭/૦૭/૨૦૧૭ને શુક્વારના રોજ બપોર પછી ૪.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ ખંડમાં મળી હતી.

સભામાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહયા હતાઃ

(૧) શ્રી નિલેશ વાય. પટેલ (અધ્યક્ષ)
(૨) ડૉ. એ.એચ.હાસમાણી
(૩) ડૉ. એચ. એસ. મેહતા
(૪) શ્રી સંજય જે. ઘેવરીયા
(૫) શ્રી ભાઇલાલ પી. પટેલ
(૬) શ્રી નિરજ બાબરીયા
(૮) ડૉ. સ્નેહલ ડી. શુકલા

સભાની શરૂઆતમાં અધ્યક્ષશ્રીએ સર્વે સભ્યશ્રીઓને આવકાર્ય હતા. ત્યારબાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું.

૧. તારીખઃ૨૯/૧૨/૨૦૧૬ના રોજ મળેલ ગણિતશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૯/૧૨/૨૦૧૬ના રોજ મળેલ ગણિતશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવી.

૨. ગણિતશાસ્ત્રની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં લેવાનારી તમામ અભ્યાસક્રમના તમામ સેમેસ્ટરની યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગણિશાસ્ત્રની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે ચોઇઝ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં લેવાનારી તમામ અભ્યાસક્રમના તમામ સેમેસ્ટરની યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરવા માટે નીચેના સભ્યોની કમિટીની રચના કરવી.

**કમિટીઃ**

**સ્નાતક કક્ષાના અભ્યાસક્મો માટેઃ**

(૧) શ્રી એન. વાય. પટેલ(આવાહક), વી.પી.સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર
(૨) શ્રી બી.પી. પટેલ, એન.વી.પટેલ સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર
(૩) શ્રી નિરજ એસ. બાબરીયા, એન.વી. પટેલ સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર
(૪) ડૉ. સ્નહેલ એચ. શુકલા, શ્રી આર.કે.પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, નડિયાદ
(૫) શ્રી એસ. બી. લાખોત્રા, જે એન્ડ જે સાયન્સ કોલેજ, નડિયાદ

ચાલુ...



Scanned by CamScanner

અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે:

(૧) ડૉ. એ. એચ. હાસમાની(આવાહક), અનુસ્નાતક ગણિતશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

(૨) ડૉ. એચ.એસ.મેહતા, અનુસ્નાતક ગણિતશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

(૩) શ્રી એસ. જે. ઘેવરીયા, અનુસ્નાતક ગણિતશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

વધુમાં કમિટીએ તૈયાર કરેલ સુધારા વધારા સહિતની પરીક્ષકોની યાદી આવાહકશ્રીએ ચેરમેનશ્રીની સહી સાથે પરબારા યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં દિન-૭ માં સુપ્રત કરવી.

અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબત હાથ ધરવામાં આવી:

૩. ગણિતશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થી તરફથી રજૂ થયેલ મહાનિબંધનું મુલ્યાંકન કરવા માટે પરીક્ષકોની યાદી તૈયાર કરી સિલબંધ કવરમાં યુનિવર્સિટી કાર્યાલયમાં સુપ્રત કરવામાં આવી.

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | મહાનિબંધનું શિર્ષક |
|---|---|---|
| ૧. | ક્રિશ્નાબેન પી. પટેલ | ON THE VARIATIONS OF GENERALIZED FIXED POINT THEOREM |

૪. આચાર્યશ્રી, નટુભાઇ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ, વલ્લભ વિદ્યાનગરે તેઓના તારીખઃ ૩/૭/૨૦૧૭ ના પત્ર ક્રમાંકઃ NVP/10/F/03/122/17 થી કરેલ વિનંતી અનુસાર તેઓની કોલેજમાં બી.એસસી.ના ત્રીજા અને ચોથા સેમેસ્ટરમાં ચોઇસ બેઇઝ્ડ ક્રેડિટ સિસ્ટમ અનુસાર એપ્લાઇડ મેથેમેટિક્સના જૂન-૨૦૧૮ થી શરૂ થનાર અભ્યાસક્રમને પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવો. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી કરવો.

૫. ઇન્ચાર્જ આચાર્યશ્રી, શ્રીમતિ એ. આર. વિકાની સાયન્સ કોલેજ, આમસરણ, તા. મહેમદાવાદ જિ. ખેડાએ તેઓના તારીખઃ ૨૮/૬/૨૦૧૭ ના પત્ર ક્રમાંકઃ SARVSC/Acd.Sub.Offer/2017-18/56 થી તેઓની કોલેજમાં બી.એસસી.ના ત્રીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબના ત્રણ ગ્રુપ(Chem./Phy., Chem./Maths and Micro/ Biochem)ના વિષયો ઓફર કરવા કરેલ વિનંતી સ્વીકારવી. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી કરવો.

વધુમાં ઉપરોક્ત બાબતનો અમલ જૂન-૨૦૧૭ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રી મંજૂર કરે તે માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

ચાલુ...

Scanned by CamScanner

૬. એમ.ફીલ(ગણિતશાસ્ત્ર)ના સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૨ ના અભ્યાસક્રમો તેમજ તેનું માળખું પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવું. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી કરવો.

વધુમાં ઉપરોક્ત અભ્યાસક્રમનો અમલ જૂન-૨૦૧૭ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રી મંજૂર કરે તે માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

નંબરઃ ડી/એ/૨૨૧૨(૧)
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૨૦/૭/૨૦૧૭

મદદનીશ કુલસચિવ

પ્રતિઃ
ગણિતશાસ્ત્રની અભ્યાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ.
પરીક્ષા વિભાગ તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહિ કરવા સારૂ.
નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર યુનિવર્સિટી વેબસાઇટ (નોટીસ અને સરક્યુલર) પર મૂકવા વિનંતી.



Scanned by CamScanner